તા. 31-7-2026
નવગુજરાત સમય
પાના નં. 12

## નવો પ્રોજેક્ટ પૂર્ણ થતાં એરપોર્ટ સુધી મેટ્રોની સીધી સેવા ઉપલબ્ધ થશે

# અમદાવાદ મેટ્રો ફેઝ-2 'એ'ના 6 કિલોમીટરના રૂટની કામગીરીના 2169 કરોડના ખર્ચને મંજૂરી

**નવગુજરાત સમય** > ગાંધીનગર

અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રો ટ્રેનનું સતત વિસ્તરણ કરાઈ રહ્યું છે ત્યારે ફેઝ-2 એના 6.032 કિલોમીટરના રૂટને જુલાઈ-2026માં મંજૂરી આપવામાં આવી છે. આ ફેઝની સંપૂર્ણ કામગીરી પાછળ કુલ 2169.04 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. તો અમદાવાદ મેટ્રો ફેઝ ટુ બીના 3.33 કિલોમીટરના રૂટને તે પૂર્વે જ મંજૂરી આપી દેવામાં આવી હતી તે માટે કુલ 1067.35 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ સંપન્ન થતા એરપોર્ટ સુધીની સીધી મેટ્રો સેવા પણ ઉપલબ્ધ થશે. તો સુરત મેટ્રોના કુલ 40.35 કિલોમીટરના કામમાં અત્યાર સુધી 81.10 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.



**ગિફ્ટ સિટીમાં આંતરિક સ્ટેશન પણ ઉમેરાશે, સુરત મેટ્રોની 81 ટકા કામગીરી પૂર્ણ**

અમદાવાદ શહેરમાં મેટ્રો ટ્રેનના શહેરના મુખ્ય રૂટની કામગીરી થઈ ગયા બાદ હવે ગાંધીનગર, ગિફ્ટ સિટી, અમદાવાદ એરપોર્ટ વિગેરેને જોડતી કામગીરી કરવાનું કામ ચાલી રહ્યું છે. લોકસભામાં શહેરી કાર્ય મંત્રાલય દ્વારા દેશભરમાં 20 જેટલી મેટ્રોને લગતી કામગીરી ચાલી રહી છે. જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ 2 એને 7 જુલાઈએ સત્તાવાર મંજૂરી અપાઈ ગઈ છે અને તેની સંપૂર્ણ કામગીરી 2169 કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. તે ઉપરાંત મેટ્રો ફેઝ બીને માર્ચ-2026માં મંજૂરી આપી હતી તેનું પ્રાથમિક કામકાજ ધમધમાટ ચાલી રહ્યું છે. જેનો રૂટ 3.33 કિલોમીટરનો છે. જેની પાછળ કુલ 1067 કરોડના ખર્ચ કરાશે. સુરતમાં મેટ્રોનું મોટાભાગનું કામકાજ પૂર્ણ થવા આવ્યું છે. સુરત શહેરમાં મુખ્ય વિસ્તારોને જોડતા કુલ 40.35 કિલોમીટરની લંબાઈ છે તેમાં હવે 19 ટકા જેટલી કામગીરી બાકી છે.

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટની નવી કામગીરીમાં કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધીના 6.032 કિલોમીટરના રૂટનો સમાવેશ થાય છે. તેમાં કુલ 5 સ્ટેશન બનાવવામાં આવશે. જેના કારણે મોટેરા સ્ટેડિયમ, ગાંધીનગર સેકટર-1, ગિફ્ટ સિટી વિગેરે પણ અમદાવાદ એરપોર્ટ સાથે જોડાઈ જશે. તે સાથે ગિફ્ટ સિટીમાં પણ નવા આંતરિક નવા સ્ટેશન ઉમેરાશે.

દેશભરના દિલ્હી, ચેન્નઈ સહિત અનેક શહેરોમાં નવા વિસ્તારોને જોડવાની કામગીરી પાછળ કુલ 1,59,109 કરોડનો ખર્ચ કરાશે અને કુલ 382.62 કિલોમીટરની લંબાઈનું કામકાજ કરવામાં આવશે.